#185

Learning is Progress 🤠

મિત્રો,

જીવનમાં સૌથી મોટી જીત એ નથી કે આપણે બધું જાણીએ છીએ, પરંતુ સૌથી મોટી જીત એ છે કે આજે પણ આપણે કંઈક નવું શીખવા તૈયાર છીએ.

જ્યાં શીખવાનું બંધ થાય છે, ત્યાં વિકાસ પણ અટકી જાય છે, પણ જ્યાં રોજ એક નવી વાત શીખવાનો સંકલ્પ હોય છે, ત્યાં સફળતા ધીમે ધીમે દરવાજો ખખડાવતી આવે છે.

એક પુસ્તકનો એક વિચાર, એક સિનિયરની એક સલાહ, એક ભૂલમાંથી મળેલો એક પાઠ, અથવા એક દિવસની એક ટ્રેનિંગ…

આ નાની લાગતી બાબતો જ ભવિષ્યમાં મોટા પરિવર્તનનું કારણ બને છે.

ખાસ કરીને કાર્યસ્થળ પર, જે વ્યક્તિ સતત શીખે છે, તે જ સતત આગળ વધે છે.

નવી ટેકનોલોજી, નવી સ્કિલ અને નવી વિચારસરણી આપણને માત્ર સારા કર્મચારી નથી બનાવતી, પરંતુ વધુ સારા માણસ પણ બનાવે છે.

મિત્રો યાદ રાખીએ,

“Learning is Progress. Progress is Success. And Success begins the day we decide never to stop learning.”